# શ ર તો

૧. જે વસ્તુનો ભાવ મંજુર થશે તે વસ્તુઓ સારી અને ચોખ્ખી સ્થિતિમાં આદેશ મલ્યાથી દિવસ પાંચ સુધીમાં દીવ જીલ્લાના ૨૭ કેન્દ્રોને પહોંચાડવાની રહેશે. તેમાં કસુર થયે ટેન્ડર રદ કરવામાં આવશે.

૨. વસ્તુનો ભાવ દરેક જાતના કરવેરા અને ટેક્ષ સાથે આપવાના રહેશે.

૩. સમગ્ર અથવા આંશિક ટેન્ડર મંજુર કરવાની સત્તા, યોજાનાનો ખર્ચ મંજુર કરનાર અધિકારીશ્રીને રહેશે.

૪. ટેન્ડર ભરતી વખતે વર્ષ દરમ્યાન અંદાજીત ખર્ચના ૫% ના હિસાબેથતી બાનાની રકમ (અર્નેસ્ટ મની) તરીકે શિક્ષણ વિભાગ, જીહ્લલા પંચાયત દીવમાં ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા શેડયુલ બેંન્કની એફ. ડી. આર. (સુરક્ષિત થાપણ) ટેન્ડર ફોર્મ સાથે જોડવાની રહેશે જ.વ્યકિત અથવા દુકાન દારનુ ટેન્ડર સ્વીકારવામા આવશે તેની અર્નેસ્ટ મની ડીપોઝીટ જે ૫% લેખે ભરેલી છે તેનુ રુપાન્તર સુરક્ષિત થાપણમાં કરવામાં આવશે. ટેન્ડર મા સૈથી ઓછા ભાવ ભરી અને પ્રથમ એક બે અને ત્રણ નંબર પર આવનાર વ્યકિત અથવા દુકાનદારની બાનાની  રકમ ટેન્ડર સ્વીકૃતી સૂધીના સમય માટે કચેરી માં રાખવામા આવશે અને અન્યની પરત કરવા માં અવશે.

૫. જે વ્યકિત અથવા દુકાનદારનું  ટેન્ડર મંજુર કરવામાં આવશે તેવ્યકિત અથવા દુકાનદારે તેમના દ્વારા ભરેલ ટેન્ડરની રકમ ના ૧૦% લેખે ગણતરી કરી બાનાની રકમ બાદ કરતા બાકી રહેતી રકમ દિવસ પાંચ માં શિક્ષણ વિભાગ જીલ્લા પંચાયત દીવ માં જમા કરવાની રહેશે

૬. શરતો મુજબ મધ્યાહન ભોજન બનાવવા માટેના પદાર્થો (વસ્તુઓ) સંતોષ કારક રીતે પહોચાડવામા નહી આવેતો ડિપોઝીટ જપ્ત કરવામા આવશે સંતોષકારક રીતે પદાર્થો (વસ્તુઓ) પહોચાડવામાં આવશે તો કોન્ટ્રાકટ પુરો થયે સરકારશ્રીએ નકકી કરેલ સમય મર્યાદા મુજબ એટલેકે છ મહીના પછી ડિપોઝીટ ની રકમ પરત કરવામાં આવશે.

૭. સફળ થનાર કોન્ટ્રાકટરે વર્ષ દરમીયાન આ કચેરી ના આદેશ પ્રમાણે પુરી પાડેલ વસ્તુઓના રૂ.૫૦૦૦/- થી વધુના બીલ ઉપર રેવેન્યુ સ્ટેમ્પ સાથે બીલ બે નકલમા શિક્ષણ વિભાગ જીલ્લા પંચાયત દીવ મા આપવાના રહેશે.

૮. કોન્ટ્રાકટરે ટેન્ડર ફોર્મ રજુ કરતી વખતે દરેક વસ્તુઓના નમુના ૧૦૦ગ્રામ નાં પેકેટમા તેમજ પ્રવાહી માટે ૧૦૦મી.લી. મા પેકેટ હોયતો પેકેટ અથવા નંગ મા રજુકરવાના રહેશે વસ્તુઓના નમુના એગમાર્ક / આઇ. એસ. આઇ. માર્ક જે દર્શાવેલ હોય તે મુજબની આપવાની રહેશે દરેક વસ્તુઓ સારી ગુણવતા એટલેકે એગમાર્ક / આઇ. એસ. આઇ. માર્ક દર્શાવેલ હોય તેનાજ ભાવ ભરવાનાં રહેશે નબળી વસ્તુઓનાં ભાવ સ્વીકારવામાં આવશે નહી ટેન્ડરમાં જે દર્શાવામાં આવેલ હોય તે ધારા ધોરણ મુજબ માલ પુરો પાડવાનો રહેશે. માલ ઉધાર આપવાનો રહેશે બીલની રકમ મંજુર થયા બાદ ચુકવવામા આવશે .

૯. ટેન્ડર શિક્ષણા અધિકારી જીહ્લલાપંચાયત  દીવ ના સરનામે બંધ કવરમા તમારી દુકાન ના શીલ અથવા રબર સ્ટેમ્પ લગાડીને અસલ ટેન્ડર ફોર્મમા સહી કરી નિયત કરેલ તારીખ અને  સમય માં પહોચાડવાના રહેશે ટેન્ડર ના કવર ઉપર મધ્યાહન ભોજન યોજના માટેનું ટેન્ડર લખવાનું રહેશે.

૧૦. ટેન્ડર માટે કોઇ અલગ કબુલાત જરૂર નથી, કારણકે ટેન્ડર ફોર્મમાં જે શરતો આપવામા અવેલ છે તે મુજબ ટેન્ડર ભરનારને તે તમામ શરતો માન્ય છે તેમ માની લેવામાં આવશે અને તે બાબતને કાનુની કાર્યવાહી માટે માન્ય રાખવામાં આવશે.

૧૧. વસ્તુઓના ભાવો તમારી દુકાનેથી ૨૭ કેન્દ્રો સુધી પહોચતા કરવાનો સર્વ ખર્ચ સાથેના આપવાના રહેશે. પેકીગ તેમજ વીમો અથવા કોઇ વધારાનો ખર્ચ આપવામાં આવશે નહી.વર્ષ દરમ્યાન ૨૭ કેન્દ્રો માં પાંચ વખત માલ આદેશ મુજબ પહોંચાડવાનો રહેશે.તેમજ ભરેલા ભાવ ઓગસ્ટ ૨૦૦૭ થી જુલાઇ ૨૦૦૮ સુધી અમલી રહેશે.

૧૨. ટેન્ડર સ્વીકારવા તથા ના મંજુર કરવા નાં તેમજ અન્ય ફેરફાર કરવાના સર્વ હકકો સક્ષમ અધિકારીને રહેશે.

હુ નીચે સહી કરનાર આથી જાહેર કરું છું કે, ઉપર જણાવેલ શરતો (શરત નં. ૦૧ થી ૧૨) મને મંજુર છે. હું સભાન પણે કોઇ પણ જાતના દબાણ અથવા કેફી દ્રવ્યોની અસરથી મુકત હાલતમાં મારી સહી કરી બંધાઉ છું. જો મારૂ ટેન્ડર મંજુર થશે તો હું ઉપર જણાવેલ શરતો નં. ૦૧ થી ૧૨ નું ચુસ્તપણે પાલન કરીશ. કસુર થયે મારા પોતાના જોખમે મારું ટેન્ડર રદ કરવા માટે હું બંધાઉ છું.

સ્થળ :- કોન્ટ્રાકટરની સહી : ............................................... ........

તારીખ :- પુરું નામ : ........................................................

સરનામું : ........................................................

ટેલીફોન નંબર : ........................................................